# BUSINESS મિત્ર

### મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં લેવાલીએ મજબૂતાઇ રહી

# શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3:** વિદેશી ચલણ નોન રેસિડન્ટ બેન્ક થાપણો દ્વારા મજબૂત પ્રવાહ સહિતના હકારાત્મક આર્થિક ડેટા હોવા છતાં, એફઆઈઆઈ દ્વારા સતત ખરીદી સાથે 120 અબજ ડોલરને વટાવી ગયેલા હકારાત્મક આર્થિક ડેટા હોવા છતાં સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આમ, સતત ચોથા દિવસે ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

નિફ્ટીએ શરૂઆતના કારોબારમાં 24025 સુધી ઈન્ટ્રાડેમાં ઉછળી હતી, જે છેલ્લે 23900 પોઈન્ટની નીચે સબંધ રહી હતી. સેકટર વાઈઝ જોઈએ તો આઈટી, એફએમસીજી અને ઓટો શેરો ઘટાડો જોવાયો હતો. જ્યારે રિયલ્ટી, મીડિયા અને પ્રાઈવેટ બેન્ક શેરમાં વધારો થયો હતો. જોકે, બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 417.49 પોઈન્ટ એટલે કે 0.55 ટકા ઘટીને 76152.86 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76924 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76152 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 41 પોઈન્ટ એટલે કે 0.17 ટકા ઘટીને 23900 પોઈન્ટની સપાટી તોડીને 23873.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24025 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23873 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 208.60 પોઈન્ટ એટલે કે 0.36 ટકા વધીને 57380.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એલ્જી ઈક્વીપમેન્ટમાં 22.76 ગણા, પીએફસીમાં 18.91 ગણા, મેડપ્લસ હેલ્થમાં 14.69 ગણા, આવાસ ફાઈ.માં 13.17 ગણા અને આરબીઆએલ બેન્કમાં 9.32 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એલીકોન એન્જીનીયરીંગમાં 20.92 ગણા, અનંતરાજમાં 18.68 ગણા, બ્રેઈનબીઝ સોલ્યુશન્સમાં 8.75 ગણા, આરબીએલ બેન્કમાં 8.05 ગણા અને એફલ થ્રીઆઈમાં 6.83 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઇ રહી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.15 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.01 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ 2552 શેરો વધ્યો હતો, જ્યારે 1769 શેરો ઘટ્યો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 0.85 ટકા ઘટ્યા હતા. જેમાં ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનો, એલટીએમ, એમફાસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, ઈન્ફોસીસ, ટીસીએસ, ઓરેકલ ફાઈ. સર્વિસીસ સોફટવેર અને વિપ્રો ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે મોટાભાગના યુરોપિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર રહ્યા હતા. કારણ કે રોકાણકારોએ સ્થાનિક અર્થતંત્રની મજબૂતાઇ અને નાણાકીય નીતિના દ્રષ્ટિકોણ પર વધુ સંકેતો માટે મુખ્ય સેવાઓની પ્રવૃત્તિ અને શ્રમ બજારના ડેટા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. જોકે, ટ્રમ્પે એવો સંકેત આપ્યો છે કે, ઈરાન પર નવેસરથી હુમલા લાંબા સમય સુદી ચાલુ રહેવાની સંભાવના નથી. કારણ કે અગાઉના ત્રણ સેશનમાં 8 ટકાથી વધુના વધારા પછી બ્રેન્ટ ક્રુડ ઘટ્યું હતું. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.41 ટકા અને ડેક્સ 0.08 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.26 ટકા ઘટ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 0.09 ટકા, હેંગસેંગ 0.66 ટકા, તાઈવાન 0.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કોસ્પી 0.25 ટકા, જકાર્તા 1.08 ટકા અને શાંઘાઇ 0.02 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.



### રૂપિયો વધુ મજબૂત, 94.50ની નીચે

**અમદાવાદ, તા. 3:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ મજબૂત જોવાયો હતો, જે 94.50ની નીચે ઉતરી ગયો હતો. ડોલરની સામે રૂપિયો 49 પૈસા મજબૂત થઇને 94.49ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.98ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.86, પાઉન્ડ 127.67, કેનેડિયન ડોલર 68.46, ઓસ્ટ્રેલિયન ડોલર 68.02, જાપાનીઝ યેન 0.6053 અને સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.49 રૂ. |
| યુરો | 109.86 રૂ. |
| પાઉન્ડ | 127.67 રૂ. |
| યેન | 0.6053 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -417.49 | 76152.86 |
| નિફ્ટી | -41.00 | 23873.45 |
| બેન્ક નિફ્ટી | 208.60 | 57380.60 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.02 | 1706.50 |
| એક્સીસ બેન્ક | 1.04 | 1267.00 |
| એચડીએફસી બેન્ક | 0.83 | 706.65 |
| ટાટા કન્ઝ્યુમર | 0.71 | 1019.20 |
| ભારત ઇલે. | 0.70 | 408.60 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ઓટો | 1.73 | 11920.00 |
| ટેક મહિન્દ્રા | 1.54 | 1598.00 |
| ટ્રેન્ટ | 1.29 | 2815.60 |
| સીપલા | 1.28 | 1394.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.25 | 3150.00 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એક્સીસ બેન્ક | 0.89 | 1266.15 |
| અદાણી પોર્ટસ | 0.82 | 1686.60 |
| એશિયન પેઇન્ટસ | 0.53 | 2540.00 |
| એચડીએફસી બેન્ક | 0.44 | 704.00 |
| ભારતી એરટેલ | 0.23 | 1865.20 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 2.17 | 4960.00 |
| ટ્રેન્ટ | 1.93 | 2807.35 |
| આઇટીસી | 1.63 | 262.15 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.62 | 3140.00 |
| બાજજ ફિનસર્વ | 1.61 | 1958.00 |

# ટાટા કેમિકલ્સ કંપનીને દેશમાં કામકાજ બંધ કરવાનો કેન્યાના પ્રમુખનો આદેશ

**આ કંપની** સો વર્ષથી વધુ સમયથી કાર્યરત હોવા છતાં તેણે અહીંના લોકોને બહુ ઓછો ફાયદો પહોંચાડ્યો હોવાનો આક્ષેપ

**શું આપણે** બીજાના ગુલામ છીએ?": કેન્યાના રાષ્ટ્રપતિ



નાઈરોબી, તા. ૩: કેન્યાના પ્રમુખ વિલિયમ રૂટોએ ટાટા કેમિકલ્સને કાજિયાડોના લેક મગાડી ખાતેના તેના કામકાજ બંધ કરવાનો આદેશ આપ્યો છે, અને ભારતીય કંપની પર એક સદીથી વધુ સમયથી કાર્યરત હોવા છતાં આ પ્રદેશમાં પૂરતું રોકાણ, નોકરીઓ અને ઔદ્યોગિક વિકાસ સર્જવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે.

ગુરુવારે દક્ષિણ કેન્યાના કાજિયાડોના વિકાસ પ્રવાસ દરમિયાન બોલતા, તેમણે કહ્યું કે સરકાર ટાટા કેમિકલ્સને સ્થાને નવા રોકાણકારો લાવશે અને તેમને માટે દેશમાં ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરવાનું જરૂરી બનાવશે. "તે ટાટા કંપની ... પાસે 100 વર્ષનો કરાર હતો. તેઓએ કાજિયાડોમાં કંઈ બનાવ્યું નથી, તેઓએ કાજિયાડોમાં કોઈ ફેક્ટરી બનાવી નથી," એમ રૂટોએ કહ્યું.

"અમે કહ્યું છે કે અમે એક નવી કંપની લાવીશું અને... તેઓએ કાજિયાડોમાં એક મોટી કાચની કંપની મૂકવી જોઈએ. અને કાજિયાડોમાં રસાયણો બનાવવા માટે બીજી કંપની. શું આપણે બીજા લોકોના ગુલામ છીએ?" કેન્યાની કુદરતી સંપત્તિનો પહેલા કેન્યાના લોકોને ફાયદો થવો જોઈએ તેવો આગ્રહ રાખતા, રૂટોએ દલીલ કરી હતી કે ખનિજો અહીંથી કાઢવામાં આવે અને પ્રક્રિયા માટે બહાર મોકલવામાં આવે તેવું થવું જોઈએ નહીં. તેમણે કહ્યું કે સ્થાનિક સમુદાયોને તેમના પ્રદેશમાં મળતા સંસાધનોથી નોકરીઓ અને રોકાણ સહિતના મૂર્ત ફાયદા જોવા મળવા જોઈએ. કેન્યાના ધ સ્ટાર અખબાર અનુસાર, રૂટોએ કહ્યું કે આ નિર્ણય પાછળ ટાટા કેમિકલ્સ દ્વારા અપૂરતા સ્થાનિક રોકાણ અને કાજિયાડોમાં પૂરતા વિકાસનો અભાવ હતો. જો કે સરકારના આ નિર્ણયની કેન્યાની ડેમોક્રેસી ફોર ધ સિટીઝન્સ પાર્ટી (DCP) તરફથી ટીકા થઈ છે, તેણે કહ્યું છે કે પ્રમુખના વેપારી હિતોને કારણે આ નિર્ણય લેવાયો છે.

# એનવીડિયાએ એઆઈ સ્ટાર્ટઅપ હગિંગ ફેસને રૂ. 1.21 લાખ કરોડમાં ખરીદ્યું

**ઓપન**-સોર્સ AI પ્લેટફોર્મને વધુ મજબૂત કરશે એનવીડિયા

ન્યૂયોર્ક, તા. 3 (PTI) ટેક્નોલોજી ક્ષેત્રની દિગ્ગજ કંપની એનવીડિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેણે એઆઈ સ્ટાર્ટઅપ હગિંગ ફેસ 12.9 અબજ યુએસ ડોલર (આશરે 1.21 લાખ કરોડ રૂપિયા)માં ખરીદી લીધું છે.

ન્યૂયોર્ક સ્થિત હગિંગ ફેસની સ્થાપના 2016માં ફ્રેન્ચ સાહસિકો ક્લેમેન્ટ ડેલાંગ, જૂલિયન ચોમોન્ટ અને થૉમસ વુલ્ફ દ્વારા કરવામાં આવી હતી.

એનવીડિયાના વડા જેન્સન હુઆંગે એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે, એનવીડિયા હગિંગ ફેસને 12.93 અબજ યુએસ ડોલરમાં ખરીદવા માટે સંમત થયું છે, જે અધિગ્રહણ દ્વારા તે હગિંગ ફેસના પ્લેટફોર્મનું વિસ્તરણ કરશે, તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે અને વિશ્વભરના ડેવલપર્સ તથા સંસ્થાઓ માટે એઆઈ સુધીની પહોંચને વિસ્તૃત કરશે.

હગિંગ ફેસને 'ઓપન મોડેલ ડેવલપર સમુદાય માટેનું એક વાઈબ્રન્ટ ઘર' ગણાવતાં હુઆંગે કહ્યું કે, 1.8 કરોડથી વધુ ડેવલપર્સ, સંશોધકો અને સર્જકો 30 લાખથી વધુ મોડેલ્સ, 5 લાખ ડેટાસેટ્સ અને 10 લાખ એપ્લિકેશન્સ શેર કરવા માટે હગિંગ ફેસનો ઉપયોગ કરે છે.

2 લાખથી વધુ કંપનીઓ એઆઈની શોધ કરવા, તેનું મૂલ્યાંકન કરવા, તેને કસ્ટમાઇઝ કરવા અને તેને લાગુ કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. હુઆંગે જણાવ્યું હતું કે, ''હગિંગ ફેસ સમગ્ર એઆઈ ઈકોસિસ્ટમ માટે એક ઓપન પ્લેટફોર્મ બની રહેશે. ડેવલપર્સ તેમને જોઈતા મોડેલ્સ, ફ્રેમવર્ક્સ, ક્લાઉડ્સ અને ઈન્ફરન્સ સર્વિસ પ્રોવાઈડર્સ તેમ જ કોમ્પ્યુટિંગ પ્લેટફોર્મ્સ પસંદ કરી શકશે. હગિંગ ફેસ પર નિર્માણ કરવા અથવા તેના માધ્યમથી લાગુ કરવા માટે એનવીડિયા કોમ્પ્યુટની જરૂર રહેશે નહીં.''

# WhatsApp દ્વારા ભારતમાં બિલ પેમેન્ટ સુવિધા શરૂ

**વીજળી**, પાણી, ગેસ, FASTag, ક્રેડિટ કાર્ડ અને લોન સહિતની ચુકવણી શક્ય

મુંબઈ, તા. 3: WhatsApp Payments પ્લેટફોર્મ દ્વારા ભારતમાં વપરાશકર્તાઓ માટે બિલ ચુકવણી સુવિધા શરૂ કરવામાં આવી છે. ભારત કનેક્ટ નેટવર્ક સાથે જોડાયેલ આ નવી સુવિધા દ્વારા યુઝર્સ અલગ-અલગ એપ્સનો ઉપયોગ કર્યા વગર મેસેજિંગ એપની અંદર જ વીજળી, પાણી, ગેસ, FASTag, ક્રેડિટ કાર્ડ અને લોન જેવા વિવિધ નિયમિત ઘરેલુ બિલ ચૂકવી શકે છે.

આ સુવિધા હેઠળ "વીજળી, ગેસ, પાણી, FASTag, વીમો, ક્રેડિટ કાર્ડ અને લોન ચુકવણી સહિત 30 શ્રેણીઓમાં લગભગ 22,722 બિલર્સ જોડાયા છે.

WhatsApp હોમ સ્ક્રીનની ઉપર આપેલી રુપિયા () આઈકોન પર ક્લિક કરીને આ સેવા મેળવી શકાય છે. યુઝર્સ BHIM UPI ઉપરાંત ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા પણ બિલ ચૂકવી શકે છે. આ ફીચર તબક્કાવાર રીતે તમામ એન્ડ્રોઇડ (Android) અને આઈઓએસ (iOS) યુઝર્સ સુધી પહોંચી રહ્યું છે.

આ સુવિધા માટે અનુસરવાના પગલા જોઈએ તો, WhatsApp હોમ સ્ક્રીનની ઉપર આપેલી રુપિયા () આઈકોન પર ક્લિક કાર્ય બાદ બિલ શ્રેણી પસંદ કરો, જેમ કે વીજળી, પાણી, ગેસ, FASTag અથવા ક્રેડિટ કાર્ડ વગેરે ત્યારબાદ, સપોર્ટેડ બિલર્સની સૂચિમાંથી તમારા સેવા પ્રદાતાને પસંદ કરો. તમારા ગ્રાહક અથવા એકાઉન્ટ નંબર દાખલ કરો અને ચકાસો. જો ઉપલબ્ધ હોય તો WhatsApp આપમેળે તમારું નવીનતમ બિલ મેળવશે. બિલની રકમ અને ચુકવણી વિગતોની સમીક્ષા કરો, UPI, ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડ સહિત તમારી પસંદગીની ચુકવણી પદ્ધતિ પસંદ કરો અંતે વ્યવહાર પૂર્ણ કરવા માટે ચુકવણીની પુષ્ટિ કરો. "લાખો ભારતીયો માટે, WhatsApp પહેલાથી જ પરિવાર અને મિત્રોની નજીક રહેવા, વેપારની લગતી વાત કરવા, નાગરિક સેવાઓનો ઉપયોગ કરવા અને મેટ્રો ટિકિટથી લઈને વીમા સુધી બધું ખરીદવાનો સૌથી સરળ રસ્તો છે - અને આ બધું એપ્લિકેશન છોડ્યા વિના થઈ જશે તેમ મેટા (ભારત) ના મેનેજિંગ ડિરેક્ટર અને કન્ટ્રી હેડ અરુણ શ્રીનિવાસએ જણાવ્યું છે. "બિલ ચુકવણી સાથે, અમે દરેક ઘરના સૌથી રોજબરોજના કાર્યોમાં એકમાં તે જ સરળતા લાવી રહ્યા છીએ... અમે WhatsApp પર બિલ ચૂકવવાનું મેસેજ મોકલવા જેટલું જ સરળ બનાવવા માંગીએ છીએ, અને દેશના દૂરના ભાગોમાં રહેતા લોકો સુધી ડિજિટલ ચુકવણીની સુવિધા પહોંચાડવામાં મદદ કરવા માંગીએ છીએ," શ્રીનિવાસએ કહ્યું.

# સોનામાં રૂ. ૩૪૦૦નો ઉછાળો

**ચાંદી પણ** રૂ. ૫,૦૦૦ના ઉછાળા સાથે રૂ. ૨,૪૦,૫૦૦ પ્રતિ કિલોગ્રામે પહોંચી

નવી દિલ્હી, તા. ૩ (PTI): આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત વલણને પગલે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગુરુવારે સોનામાં રૂ. ૩,૪૦૦નો જોરદાર સુધારો જોવા મળ્યો હતો અને તેની સાથે જ સતત છ સત્રથી ચાલી આવતી મંદીની શ્રેણીનો અંત આવ્યો હતો. દિલ્હીમાં સોનું રૂ. ૧.૫૯ લાખ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયું હતું.

૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ (તમામ કરવેરા સહિત) રૂ. ૩,૪૦૦ ઉછળીને રૂ. ૧,૫૯,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ હતી, જે બુધવારે રૂ. ૧,૫૬,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે બંધ થઈ હતી.

ચાંદીમાં પણ સુધારો જોવા મળ્યો હતો અને તે રૂ. ૫,૦૦૦ના ઉછાળા સાથે (તમામ કરવેરા સહિત) રૂ. ૨,૪૦,૫૦૦ પ્રતિ કિલોગ્રામે પહોંચી હતી. આગલા સત્રમાં આ શ્વેત ધાતુ રૂ. ૨,૩૫,૫૦૦ પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

બ્રોકરેજ પ્લેટફોર્મ લેમનના રિસર્ચ હેડ ગૌરવ ગર્ગે જણાવ્યું હતું કે, "યુએસ ટ્રેઝરી યીલ્ડ તાજેતરના સર્વોચ્ચ સ્તરેથી નીચે આવતાં સોના અને ચાંદીમાં સુધારો થયો છે, જ્યારે નવી ભૂ-રાજકીય અશાંતિને કારણે સુરક્ષિત રોકાણ તરીકેની માંગને ટેકો મળી રહ્યો છે."

એચડીએફસી સિક્યોરિટીઝના કમોડિટીઝ વિભાગના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, આ સુધારો દર્શાવે છે કે, સોનું યુએસ નાણાકીય નીતિની અપેક્ષાઓમાં આવતા ફેરફારો પ્રત્યે કેટલું સંવેદનશીલ છે.

# એનએસઈએ પ્રી-ઓપન સેશનમાં ફેરફાર કર્યો, 7મીથી અમલમાં આવશે

**બજાર** અને લિમિટ ઓર્ડર માટે અલગ અલગ સમય નક્કી કર્યો

મુંબઇ, તા. 3: એનએસઈએ તેના પ્રી-ઓપન માર્કેટ સેશનના નિયમોમાં મોટા ફેરફાર કરવા જઇ રહ્યું છે, જેનો અમલ આગામી 7મી સપ્ટેમ્બરથી આવશે. જેમાં નવુ ફ્રેમવર્ક ઓર્ડર લેવાની અને શેરની પ્રારંભિક કિંમત નક્કી કરવાની પ્રક્રિયામાં ફેરફાર કરશે.

જોકે, પ્રી-ઓપન સેશનન અગાઉની જેમ સવારે 9થી 9.15 સુધી રહેશે. આ નવા માળખા હેઠળ ઓર્ડર બુક અને કિમતની પ્રક્રિયાને કલોઝિંગ ઓકશન સેશન-સીએએસમાં ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિની નજીક લાવવામાં આવશે. એટલે કે પ્રી ઓપન દરમ્યાન તેમના ઓર્ડર આપવાની અને મેચ કરવાની પ્રક્રિયામાં ફેરફાર થશે.

એનએસઈનું કહેવું છે કે આ ફેરફારનો હેતુ પ્રી-ઓપન હરાજીને વધુ વ્યવસ્થિત બનાવવાનો અને દિવસની શરૂઆતમાં ભાવની પ્રક્રિયાને મજબૂત કરવાનો છે.

નવા ફ્રેમવર્ક હેઠળ, પ્રી-ઓપન સેશનની પ્રથમ પાંચ મીનિટમાં એટલે કે સવારે 9થી 9.05 સુધી માર્કેટ અને લિમિટ બંને ઓર્ડરની મંજુરી આપવામાં આવશે. આ પછી સવારે 9.05થી 0.10 સુધી ફકત લિમિટ ઓર્ડર આપી શકાય છે. આ પછી સવારે 9.10થી 9.12 વાગ્યા સુધી ઓર્ડર મેચ કરવાની અને શેર પ્રારંભિક કિંમત નક્કી કરવાની પ્રક્રિયા થશે. જે હાલની ઓર્ડર અને મેચિંગ સીસ્ટમમાં ફેરફાર છે. આનો અર્થ એ છે કે પ્રી-ઓપન સેશનમાં વેપાર કરનારાઓએ ઓર્ડર મુકવાના સમય પર વધુ ધ્યાન આપવુ પડશે, ખાસ કરીને જેઓ આ સમય દરમ્યાન માર્કેટ ઓર્ડરનો ઉપયોગ કરે છે.

આમ, એનએસઈ તેના નવા પ્રી ઓપન ફ્રેમવર્કને કલોઝિંગ ઓકશન સેશનમાં ઉપયોગમાં લેવાતા ફ્રેમવર્કની નજીક લાવી રહ્યું છે. સીએએસનો ઉફયોગ રોકડ સેગમેન્ટમાં શેરની બંધ કિંમત નક્કી કરવા માટે થાય છે. જ્યા ડેરિવેટિઝ કરાર ઉપલબ્ધ છે.

# ચાલુ વર્ષમાં 15માંથી 14 આઈપીઓનું પ્રીમિયમથી લિસ્ટીંગ

**છૂટક** રોકાણકારોને આઇપીઓમાંથી 78 ટકાથી વધુ રિટર્ન મળ્યું

મુંબઇ, તા. 3: વર્ષ 2026માં અત્યાર સુધીમાં આઈપીઓએ બજારમાં પ્રવેશ કર્યા છે, તેમાંથી મોટા ભાગના આઈપીઓમાં રોકાણકારોને સારૂ વળતર મળ્યું છે. જેમાં હજુય કેટલાક આઈપીઓ ઈશ્યૂ પ્રાઇઝથી ઉપર ચાલી રહ્યા છે. આઈપીઓ માર્કેટ ધમાલ મચાવી રહી છે. આ વર્ષે 15માંથી 14 આઈપીઓ પ્રીમિયમ લિસ્ટીંગ કરવામાં આવ્યા છે. ઘણા આઈપીઓ હજુય પણ તેમની ઈશ્યૂ કિંમત ઉપર વેપાર કરી રહ્યા છે.

મેઈન બોર્ડ આઈપીઓના ડેટા અનુસાર રિટેલ સબસ્ક્રીપ્શન લગભગ 25 ગણુ છે, તે જ સમયે આ આઈપીઓનું વળતર 78 ટકાથી વધુ છે. આ ડેટા બતાવે છે કે રિટેલ રોકાણકારોને આઈપીઓથી સારો ફાયદો થયો છે. ડેટા એવું પણ દર્શાવે છે કે, આઈપીઓ રોકાણકારોને ઉચ્ચ રિટેલ માગથી ફાયદો થઇ રહ્યો છે. 2026ના પ્રથમ છ મહિનામાં 28 આઈપીઓ ખુલ્યા હતા.

ઘણી કંપનીઓના આઈપીઓ સપ્ટેમ્બરથી ડિસેમ્બરમાં આવી રહ્યા છે. ઈન્વેસ્ટીંગ બેન્કીગ સુત્રોના જણાવ્યા અનુસાર જિયો પ્લેટફોર્મ્સ અને એનએસઈના મેગા આઈપીઓ દ્વારા કંપનીઓ 30 હજાર કરોડથી 70 હજાર કરોડ રૂપિયા એકત્ર કરી શકશે.

# જુની અડચણો દૂર થતાં એનએસઈનો આઈપીઓનો માર્ગ મોકળો

**સુપ્રીમ** કોર્ટે સેબીની અપીલ ફગાવી દીધી

નવી દિલ્હી, તા. 3: એનએસઈના લાંબા સમયથી પડતર આઈપીઓ વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે એનએસઈ વિરૂદ્ધ સેબીની અપીલને ફગાવી દીધી છે. વાયર એજન્સી ઈન્ફોર્મિસ્ટે માહિતી આપતા કહ્યું હતું કે, આ નિર્ણયથી એનએસઈના સુચિત આઈપીઓની સામનો કરી રહેલી મોટી નિયમનકારી અવરોધ દૂર થઈ ગઇ છે. આ અપીલ એનએસઈના સહસ્થાન ડેટા સેન્ટર અને ડાર્ક ફાઈબર કેસોને લગતી છે. આ કિસ્સાઓને કારણે એક્સચેન્જનો લિસ્ટીંગ પ્લાન ઘણા વર્ષો સુધી આગળ વધી શક્યો નહતો. જોકે, સેબી કે એનએસઇ દ્વારા આ સંદર્ભે કોઇ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. આ કેસ 2015થી એનએસઇ પર છે. જેના કારણે આ મામલાની તપાસ કરવામાં આવી હતી, તેની સામે અપીલ દાખલ કરવામાં આવી હતી અને ટ્રિબ્યુનલમાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાનુની અને નિયમનકારી પ્રક્રિયાઓ લાંબા સમય સુધી કેસ તરફ દોરી ગઇ.

એનએસઈએ જુલાઈમાં અહેવાલ આપ્યો હતો કે સેબીએ કેટલાક જુના નિયમનકારી ઉલ્લંઘનોને સમાધાન કરવા માટે સૈદ્ધાંતિક મંજુરી આપી દીધી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-૩૦ | ૫૮૦૦ |
| એસ-૩૦ | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૦૪૫૦ |
| તેજાબી સોનું | ૧૬૦૩૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૨૪૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૭૨૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૦૪૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૩૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**મુન્નાભાઈ હિંચકાના**
કડાંવાલા તોડફોડ કર્યા વગર અમેરીકન ટેક્નોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ: 7284848586, 9904467405

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેક્નોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત ભાડેથી

**ભાડે આપવાનું છે**
કોર્મશીયલ હાઉસ 45" X 60" અવધ, સાકેત, HTC માર્કેટ પાસે તેરાપંથ ભવન સામે ડુંભાલ લેટબાથ, પેનટ્રી, લીફ્ટ પાર્કીંગ સુવિધા સાથે 8238443209 (294)

**ભાડે આપવાનાં છે**
બે બેડરૂમ કીચન બાલ્કની ના 3 ફ્લેટો હોસ્પીટલ, હોટલ સ્ટાફ ઓફિસરો બેચલર માટે 8238443209 (295)

મિલ્કત વેચવાની છે

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**ઓપન પ્લોટસ**
SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી 5 મીનીટના અંતરે તદ્દન નજીક, સુરત
રિઝનેબલ ભાવે
સંપર્ક કરો
9825233063

**વેચવાના છે**
રો- હાઉસ ઓલપાડ- સાયણ રોડ પર (રોડ ટચ) Block No. 4 386, 387. (કોર્નર + ગાર્ડન) આરજો મારજો કરવામા આવશે. 9925055555

**વેચવાની છે**
2.5 વિઘા જમીન મોરાભગવા ઓલપાડ (રોડ ટચ) આરજો મારજો કરવામાં આવશે. 9925055555

**રોડ ટચ પ્લોટ**
વેચવાનો 1000 વાર 12 crમા પીપલોદ 9825100525 (297)

વાહન લે-વેચ

**જુના બંધ હાલતમાં**
બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા વાહનો વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

નોકરી વિષયક

**Govt Approved**
Engineer ની ઓફિસ માટે સ્ટાફ જોઈએ છે. લેડિઝ- 2, જેન્ટસ- 2 Contect 9586274074 (Whatsapp)

**Vacancy In CA**
Office Chartered Accountants- 2 Post (Exp- 1 Year) Tax Clerk- 2 Post (GST & Income Tax- 6 Month Exp.) Accountant- 2 Post (Tally- 1 Year Exp.) Contact Urgently: 2015, North Extn. Market, Sahara Darwaja, Surat. Mobile: 9825134543

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે જેન્ટ્સ/ લેડીઝ અરજી સાથે મળો સાંજે ૪ થી ૭ માં G/3 દિલ્હીગેટ ક્રિષ્ના કોમ્પલેક્ષ (293)

**જોઈએ છે**
ગોડાઉનમાં કામ કરી શકે તેવા છોકરાઓ પગાર 13,000 થી 15,000 શોભન ઈલેક્ટ્રીકલ્સ અડાજણ RJD ઈચ્છાપોર. મો. નં. 9904064499 ફોન કરવાનો સમય 11 થી 7

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ, જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**(12 મહાદેવ),**
(કાવી કંબોઈ, નારેશ્વર), (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (અષ્ટવિનાયક) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) મહાદેવ ટૂર એન્ડ ટ્રાવેલ્સ 7802062340 (296)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, હરિદ્વાર, (49મો પ્રવાસ) તારીખ- 09/09, 10/10, દિવસ- 15/16. (ચોક્કસ ઉપડશે) સંપુર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934.

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.